# <u>શિષ્યવૃત્તિ અંગે (વર્ષ–૨૦૨૨–૨૩)</u>

## (ફકત SC વિધાર્થીઓ માટે)

આથી સાયન્સ અને કોમર્સ કોલેજના (B.Com.Sem.I, III, V), (B.Sc.Sem.I, III,V) , (M.Com.Sem.I ,III ) & (M.Sc.Sem.I ,III) માં અભ્યાસ કરતા અનુસુચિત જાતિ (SC) વિદ્યાર્થીઓએ **Post Matric Scholarship for Sc Students (GOI) (BCK-6.1)(With Freeship Card & Without Freeshipcard Both)** આ યોજનાઓ અંતર્ગત **વર્ષઃ ૨૦૨૨–૨૩** થી કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ સૌ પ્રથમ વિધાર્થીઓએ પોતાનું **<u>National Scholarship Portal (NSP)</u>** (https://scholarships,gov.in) પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. NSP પોર્ટલ પર રજીસ્ટ્રેશનનો જે નંબર આવે તે નંબરની વિધાર્થીએ નોંધ કરી લેવાની રહેશે ત્યારબાદ Digital ગુજરાતનું ફોર્મ ભરી શકાશે જે વિધાર્થીનો **રજીસ્ટ્રેશન નંબર નહીં હોય તેવા** વિધાર્થીનું સ્કોલરશીપનું ફોર્મ ભરાશે નહી આ અંગેની જવાબદારી વિધાર્થીની પોતાની રહેશે તેની ખાસ નોંધ લેવી.

**<u>National Scholarship Portal (NSP)</u> પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ <u>૩૦/૦૭/૨૦૨૨</u> છે.ત્યારબાદ રજીસ્ટ્રેશન થશે નહીં તેની તમામ વિધાર્થીઓએ નોંધ લેવી**

(signature) 20/7/2022

આચાર્ય

આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને

સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ,

પાલનપુર - ૩૮૫૦૦૧.

ફક્ત SC વિદ્યાર્થીઓ માટે

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર**
**નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**
**કેંદ્ર પુરસ્કૃત યોજનાઓના અમલ બાબત**

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ખાતા હસ્તકની નીચે મુજબની કેંદ્ર પુરસ્કૃત યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત (https://www.digitalgujarat.gov.in) કરવામાં આવે છે.

1. **Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) (With FreeshipCard & Without FreeshipCard Both)**
2. **Pre Matric Scholarship for SC Students (Std: 9 & 10) (BCK-35)**
3. **Pre. Matric Scholarship to the children whose parents are engaged in occupations involving Cleaning and Prone to Health Hazards (BCK-4)**

ઉપર મુજબની યોજનાઓ અંતર્ગત વર્ષ: ૨૦૨૨-૨૩થી કેંન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મળેલ સૂચના મુજબ વિદ્યાર્થીઓનું **National Scholarship Portal (NSP) (https://scholarships.gov.in/)** પર રજીસ્ટ્રેશન કરવુ ફરજીયાત છે. જે વિદ્યાર્થીએ NSP પોર્ટલ (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સ્કોલરશીપ યોજનામાં શિષ્યવૃત્તિ લઇ શકશે. National Scholarship Portal પોર્ટલ પર વર્ષ:૨૦૨૨-૨૩નુ રજીસ્ટ્રેશન શરૂ થઇ ગયેલ છે.

ઉક્ત યોજનાઓ પૈકી ક્રમનં:૧ પરની યોજના અંતર્ગત **National Scholarship Portal (NSP)** પર વિદ્યાર્થીઓએ જાતે જ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે જ્યારે ક્રમનં:૨ તથા ક્રમનં:૩ પરની યોજનાઓની તમામ કામગીરી શાળાના આચાર્યશ્રી મારફત કરવામાં આવતી હોય તે યોજના અંતર્ગત **National Scholarship Portal (NSP)** પર પાત્રતા ધરવતા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન જે તે શાળાના આચાર્યશ્રીએ કરવાનું રહેશે.

- **National Scholarship Portal (https://scholarships.gov.in/) પર રજીસ્ટ્રેશન કરવાની પધ્ધતિ:**

➔ કેંદ્ર સરકારશ્રીની શિષ્યવૃત્તિ યોજનાની વેબસાઇટ: **https://scholarships.gov.in** ઓપન કરી **"New Registration"** પર કલીક કરવું.

➔ **"New Registration"** ક્લીક કર્યાબાદ **"Register for Pre-Matric Scholarship and Post Matric Scholarship Scheme for SC Students for AY 2022-23"** પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ જરૂરી તમામ સૂચનાઓ વાચી "Undertaking" આપી "Continue" બટન પર ક્લીક કરવુ.

➔ ત્યારબાદ માંગવામાં આવેલ તમામ વિગતો સાવચેતીક પૂવર્ક ભરી "Register" બટન પર ક્લીક કરવાનું રહેશે.

➔ ત્યારબાદ જે નંબર પોર્ટલ દ્વારા જનરેટ થાય છે તેને સાચવીને રાખવાનો રહેશે અને આ નંબર જ્યારે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે ત્યારે ઓનલાઇન નાખવાનો રહેશે. ઉક્ત યોજનાઓમાં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કેવી રીતે અરજી/દરખાસ્ત કરવાની છે તેની સમજ દર વર્ષે શાળા/કોલેજને જે પરીપત્ર મોકલવામાં આવે છે તેમા અલગથી આપવામાં આવશે.

વર્ષ: ૨૦૨૨-૨૩થી ઉક્ત દર્શાવેલ ૩ યોજનાઓ અંતર્ગત જે વિદ્યાર્થીએ **National Scholarship Portal** પર રજીસ્ટ્રેશન કરેલ હશે તે જ વિદ્યાર્થી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર અરજી/દરખાસ્ત કરી શકશે જેની તમામ વિદ્યાર્થીઓ / આચાર્યશ્રીઓએ નોંધ લેવાની રહેશે. વધુ માહિતી માટે આચાર્યશ્રીઓએ જિલ્લાકક્ષાએથી મળેલ પરીપત્રમાં આપેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે તેમજ વિદ્યાર્થીઓએ જિલ્લાની નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર